નં.આરો/ન્યુટ્રીશીયન/નેશનલ ડી-વોર્મીંગ ડે ઉજવણી / ૭૧૫૬ ૨૨૪૫ /૨૦૨૧
આરોગ્ય શાખા, જીલ્લા પંચાયત, અમરેલી
તા. ૨-૮-૨૦૨૧

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક નંબર 3245
શાખાનું નામ યોજના
તારીખ ૪/૮/૨૧
સહી

પ્રતિ,
તાલુકા હેલ્થ ઓફિસરશ્રી,
તાલુકા હેલ્થ હેલ્થ કચેરી.......તમામ

તાલુકા શિક્ષણાધિકારીશ્રી,....તમામ

સી.ડી.પી.ઓ.શ્રી, .......તમામ

વિષય :- તા.૧૦ થી ૨૦ ઓગષ્ટ ૨૦૨૧ના રોજ 'નેશનલ ડી-વોર્મીંગ ડે (રાષ્ટ્રીય કૃમિ મુકત દિવસ) ઉજવણી કરવા બાબત.

સંદર્ભ :- અધિક નિયામકશ્રીના પત્ર નં.૨૮૮ FW/2021-21/SNC/ Aug '21 NDD&Vitamin A round/288/2021, Dt 23-7-21.

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આપના કાર્યક્ષેત્રમાં આવતી આંગણવાડી / પ્રાથમિક શાળા / માધ્યમિક શાળાઓ / આઇ.ટી.આઇ. કોલેજના બાળકોમાં આર્યન માનસિક અને શારીરીક વિકાસ માટે ખુબજ અગત્યનું પોષક તત્વ છે વધુમાં બાળકોને કૃમિનો ચેપ લાગે તો શરીરમાં આર્યનની ઉણપ (પાંડુરોગ) થાય છે. જો બાળકને કૃમિ નાશક દવા આપવામાં આવે તો બાળકોમાં પાંડુ રોગનું પ્રમાણ ઘટાડી શકાય અને બાળકની જીવન ધોરણની ગુણવત્તામાં વધારો થઇ શકે છે. ઉપરોકત બાબતને ધ્યાનમાં લઇ સરકારશ્રી ધ્વારા દર વર્ષે વર્ષમાં ૨ વાર કૃમિ નાશક દવા આપવામાં આવે છે. આ માટે દર વર્ષે 'નેશનલ ડી વોર્મીંગ ડે (એન.ડી.ડી.)' તા. ૧૦ થી ૨૦ ઓગષ્ટના તમામ દિવસોમાં ૧ થી ૧૯ વર્ષના બધાજ બાળકોને સામુહિક રીતે કૃમિ નાશક દવા આલ્બેન્ડાઝોલની ગોળી આપવામાં આવે તેવુ આયોજન કરવાનું રહેશે.

- ૧ થી ૨ વર્ષના બાળકને કૃમિ નાશક દવા આલ્બેન્ડાઝોલ ૨૦૦ mg (અડધી ગોળી) અથવા આલ્બેન્ડાઝોલ સીરપ ૧૦ મીલી સસ્પેન્સની અડધી બોટલ આપવી.
- ૨ થી ૧૯ વર્ષના બાળકોને કૃમિ નાશક દવા આલ્બેન્ડાઝોલ ૪૦૦ mg (આખી ગોળી) અથવા આલ્બેન્ડાઝોલ સીરપ ૧૦ મીલી સસ્પેન્સની આખી બોટલ આપવી.
- 'નેશનલ ડી-વોર્મીંગ ડે (રાષ્ટ્રીય કૃમિ મુકત દિવસ) રાઉન્ડ તા.૧૦ થી ૨૦ ઓગષ્ટ ૨૦૨૧ સુધી કામગીરી કરવાની રહેશે.
- વીટામીન - એ રાઉન્ડ તારીખ ૧ ઓગષ્ટ ૨૦૨૧ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૧ સુધી કરવા સંદર્ભીત લેટર થી સુચના આપેલ છે.

ઉપરોકત સંદર્ભ મુજબ ૧ થી ૧૯ વર્ષના તમામ બાળકોને આલ્બેન્ડાઝોલ આપી કવર કરવા જેથી બાળકો કૃમિ મુકત થાય અને એનીમીયામાં ઘટાડો થાય એનીમીયા એ ગુજરાત રાજયમાં IMRને અસર કરતું એક મુખ્ય કારણ છે.

આપેલ સુચના મુજબ માઇક્રોપ્લાનીંગ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાઇઝ બનાવી તાલુકાનું કમ્પાઇલ્ડ કરી જિલ્લાકક્ષાએ મોકલવાનું રહેશે. તેમજ સુદ્રઢ અમલવારી માઇક્રોપ્લાન મુજબ થાય તેમ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મેડિકલ ઓફિસરશ્રીએ સુનિશ્રિત કરવાનું રહેશે.

- પ્રોગ્રામ બાબતે લોક જાગૃતિ ફેલાવવાના હેતુ થી 'નેશનલ ડી-વોર્મીંગ ડે ' ની તા.૧૦-૮-૨૦૨૧ના રોજ ઉદઘાટન જે તે વિસ્તારના કોઇ રાજકિય કે લોકપ્રિય વ્યકિત ધ્વારા કરાવવાનું રહેશે.
- કોવીડ- ૧૯ ની માગદશીકા ને ધ્યાન માં લઇ તમામ કામગીરી કરવાની રહેશે. ANM/MPHS/MPHW/RBSK /FHS ટીમ સાથે સંકલન માં રહી ને ડોર ટુ ડોર જઇ. નેશનલ ડી-વોર્મીંગ રાઉન્ડ તેમજ વીટામીન - એ ની સંયુકત કામગીરી કરવાની રહેશે.
- કામગીરી પૂર્ણ થાય શાળા, આંગણવાડી તેમજ આશા બહેનોએ પોતાને ત્યાં કરવામાં આવેલ કામગીરીનો રીપોર્ટ કરવાનો રહેશે. ANM/MPHS/MPHW/FHS ધ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સુધી પહોંચાડવાનું રહેશે.
- રીપોર્ટની એક કોપી દરેક શાળા તથા આંગણવાડી સેન્ટર ખાતે અચુક રાખવાની રહેશે.
- રાજયકક્ષાએથી આપેલ સુચના મુજબ નિયત ફોર્મેટ મુજબ રીપોર્ટીંગ વેરીફાય કરી સહી સાથેની કોપી મોકલવાની રહેશે.

સંદર્ભ ૧ અને ૨ અન્વયે જણાવવાનું કે, આ તમામ કામગીરી આરોગ્ય આઇ.સી.ડી.એસ. તેમજ શિક્ષણ વિભાગના સંકલનથી જ કરવાની રહેશે.

પુકત વયના તમામ બાળકોમાંથી અમરેલી જિલ્લામાં એકપણ બાળક વંચિત ન રહી જાય તે માટે 'નેશનલ ડી-વોર્મીંગ ડે' માર્ગદર્શીકા મુજબ જ કામગીરી કરવાની રહેશે.

બિડાણ :- (૧) સંદર્ભીત પત્રો
(૨) ગાઇડલાઇન
(૩) PPT

| | | | |
|---|---|---|---|
| જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી જિલ્લા પંચાયત, અમરેલી | જિલ્લા માધ્યમિક શિક્ષણાધિકારી અમરેલી | પ્રોગ્રામ ઓફિસર આઇ.સી.ડી.એસ., જિલ્લા પંચાયત, અમરેલી | મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત,અમરેલી |

નકલ સવિનય રવાના :-
૧) માન. કલેકટરશ્રી, કલેકટરશ્રીની કચેરી, અમરેલી
૨) માન. જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પંચાયત, અમરેલી
૩) માન. અધિક નિયામકશ્રી (૫.ક.), આરોગ્ય, તબીબી સેવાઓ, તબીબી શિક્ષણ, ગાંધીનગર
૪) વિભાગીય નાયબ નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવોઓ, ભાવનગર

નકલ રવાના :-
૧) અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત, અમરેલી
૨) જિલ્લા આર.સી.એચ. અધિકારીશ્રી, આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત, અમરેલી
૩) જિલ્લા સર્વેલન્સ અધિકારીશ્રી, આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત, અમરેલી
૪) જિલ્લા કવાલીટી એસ્યોરન્સ અધિકારીશ્રી, આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત, અમરેલી
૫) જિલ્લા મલેરીયા અધિકારીશ્રી, આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત, અમરેલી
૬) જિલ્લા સુપરવાઇઝરશ્રી....તમામ
૭) ડી.પી.એમ.યુ. / અર્બન, આરોગ્ય શાખા....તમામ